શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન નં: ૦૭૯-૨૩૨૪૩૧૩૩
E-mail : gecell@gmail.com
Toll Free No.1800-233-7965

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 07
શાખાનું નામ: પ્રા શિક્ષણ
તારીખ: 03/01/2022

ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૧/ ૪૪૦૩૧-૪૪૧૨૯ તા: ૩૧/૧૨/૨૦૨૧

પ્રતિશ્રી,
પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય : આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે આયોજિત "સૂર્યનમસ્કાર પ્રોજેક્ટ" માં ભાગ લેવા બાબત**

સદર્ભ : ૧. શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો તા:૧૬/૧૨/૨૧ નો પત્રક્રમાંક:12-5/2021-IS.4
૨. યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશનનો તા:૦૯/૧૨/૨૦૨૧ નો પત્રક્રમાંક:NYSF/09/2021-22

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્રોથી શિક્ષા મંત્રાલય અને યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા સ્વતંત્રતાનાં ૭૫ મા વર્ષે નિમિત્તે આયોજિત "સૂર્યનમસ્કાર પ્રોજેક્ટ" અંગે જાણ કરવામાં આવેલ છે.

યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આગામી તા:૧ જાન્યુઆરી ૨૦૨૨ થી ૭ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમિયાન ૩૦ રાજ્યોમાં ૩૦૦૦૦ સંસ્થાઓ અને ૩ લાખ વિદ્યાર્થીઓને જોડીને ૭૫૦ મિલિયન સૂર્યનમસ્કાર કરવાનો પ્રોજેક્ટ અમલમાં મુકવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૬ જાન્યુઆરી ૨૦૨૨ નાં રોજ સંગીત સૂર્યનમસ્કાર પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. વિગતવાર કાર્યક્રમ આ સાથે સામેલ છે.

- સૂર્ય નમસ્કાર ઈવેન્ટ માટે https://www.75suryanamaskar.com વેબસાઇટ પર લોગઇન કરવાનું રહેશે. આ માટે વ્યક્તિગત તેમજ સંસ્થા તરીકે નોંધણી કરી શકાશે. એક્સેલ શીટ દ્વારા સંસ્થાના તમામ સહભાગીઓ માટે સામૂહિક રીતે રજીસ્ટ્રેશન કરાવી શકો છો.
- દરેક વ્યક્તિગત સહભાગી અથવા સંસ્થાએ સૂર્યનમસ્કાર યોગાસનના 12 આસનો - દરરોજ 13 વખત - 01 જાન્યુઆરી, 2022 થી 20 ફેબ્રુઆરી, 2022 સુધીના 51 દિવસના સમયગાળાની અંદર 21 દિવસ (કોઈપણ દિવસ) માટે કરવાનાં રહેશે.
- સંસ્થાઓએ દરરોજ સામૂહિક રીતે સૂર્યનમસ્કાર કરવાનો ૧ મિનિટનો વીડિયો અને વ્યક્તિગત સહભાગીએ સૂર્યનમસ્કારનો ૩૦ સેકન્ડનો વ્યક્તિગત વિડિયો રેકોર્ડ કરવો આવશ્યક છે. ડિજિટલ ફૂટપ્રિન્ટ બનાવવા માટે આ વિડિયો ઑફલાઇન અથવા ફેસબુક લાઇવ સેશનમાં હેશટેગ #750Million_SuryaNamaskar, #75करोड़_सूर्यनमस्कार સાથે શૂટ કરી પરફોર્મ કરવો.

* દરરોજ આસનના કોઈપણ તબક્કે પ્રેક્ટિસ કરતા વ્યક્તિગત સહભાગીએ વ્યક્તિગત ફોટોગ્રાફ અને સંસ્થાઓએ ગૃપનો સમૂહ ફોટોગ્રાફ લેવાનો રહેશે અને ફોટો પોતાના રેકર્ડમાં રાખવાના રહેશે તેમજ આગામી સમયમાં સૂચના આપવામાં આવે ત્યારે નક્કી કરેલ વેબસાઈટ પર ફોટો અપલોડ કરવાનાં રહેશે.

ઉક્ત કાર્યક્રમમાં વધુમાં વધુ શાળાઓ અને વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓને આ અંગે તાત્કાલિક જાણ કરવા તેમજ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

પરીપત્ર :......11.........
ક્રમાંક:યજન/આ.અ.મ./સૂર્ય/નમ/૨૦૨૨/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બહુમાળી ભવન, એ.વિંગ,
અમરેલી
તા.૧૨/૦૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
આ જિલ્લાની તમામ શાળાઓ તરફ.....
જિ.અમરેલી.

-/ ઉપરોક્ત પત્ર અન્વયે યોગ્ય અમલ તથા કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ.અમરેલી